## વડીલોને વંદન અભિનંદન



ધીમંતકુમાર પી. ભટ્ટ
(૧૯૫૪)મો:૯૩૨૮૯૨૭૩૮૦

## સઈજ ખાતે દત્તબાવની પાઠ યોજાશે

કલોલ તાલુકાના સઈજ ખાતે આવેલ શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરે શ્રી રંગ અવધૂત મહારાજ દ્વારા રચિત દત્ત બાવની પાઠ તા. ૨ નવેમ્બરના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજવામાં આવશે. કાર્યક્રમમાં સર્વે ભકતજનોને ઉપસ્થિત રહેવા આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદનો ત્રીજીએ સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનો સ્નેહમિલન સમારંભ સંસ્થાના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીયાના અધ્યક્ષસ્થાને ૩જી નવેમ્બર-૧૪ના સોમવારે સાંજે સાડા ચાર વાગે સે-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટમાં યોજાશે. તો સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, જાગૃત નાગરિકોએ અવશ્ય ઉપસ્થિત રહેવા મહામંત્રીશ્રી નિરંજન ઓઝાએ જણાવેલ છે.

## સાબરકાંઠા ભાવસાર સમાજનો સ્નેહમિલન સમારોહ

બારગામ સાબરકાંઠા ભાવસાર સમાજ ગાંધીનગર નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. તા. ૨ નવેમ્બર સવારે ૧૦.૦૦ વાગે વન ચેતના કેન્દ્ર સે-૩૦ ખાતે યોજાશે તેમજ સમાજ દ્વારા ડાબલા (લંચ)ની ઉજાણી રાખવામાં આવી છે જેના માટે સર્વે જ્ઞાતિજનોએ પાથરણું અને નાસ્તો ઘરેથી લઈને આવવા માટે મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે.



બનાસકાંઠાના પાલનપુરમાં ઝુંપડપટ્ટીના બાળકોને સરદારક્રાંતિ સેના અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા નેઈલ કટર અને સાબુ આપવામાં આવ્યા હતા. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ પાલનપુરના ઝુંપડપટ્ટીમાં વસતા બાળકોને સરદાર સેના અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી નિઃશુલ્ક નેઈલ કટર અને સાબુ નું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોશી)

# કેવડીયા ખાતે બનનાર શ્રેષ્ઠ ભારત ભવનનો શિલાન્યાસ

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નર્મદા જીલ્લાના કેવડીયા ખાતે સરદાર સરોવર બંધ સમીપે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ અંતર્ગત રૂા. ૧૭૯ કરોડના ખર્ચે નિર્માણ થનારા શ્રેષ્ઠ ભારત ભવનનો સરદાર જયંતિએ શીલાન્યાસ કર્યો હતો.

આ ભવન માત્ર ઈંટ પથ્થરની ઈમારત નહીં પરંતુ સરદાર સાહેબના જીવન કવનની મલ્ટી મીડિયા ઝાંખી, આઝાદીની લડતના ઐતિહાસિક પ્રકરણો, અભ્યાસ અને સંશોધન કેન્દ્ર તેમજ રોજગારી નિર્માણ માટેની સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેવી બહુવિધ પ્રવૃત્તિઓથી ધમધમતુ કેન્દ્ર બનવાનું છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી લીબર્ટીથી પણ ઉંચું એવું લોહપુરૂષ સરદાર સાહેબનું સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરતાં કહ્યું કે, આ સમગ્ર સંકુલ વિશ્વ પ્રવાસનનું આકર્ષણ કેન્દ્ર બનશે. તેમજ નર્મદા જિલ્લાના આદિજાતિ યુવાધન માટે રોજગારી નવી તકો પુરી પાડશે.

આજે દેશભરમાં એકતા અને અખંડતા માટે અને ભારતને શ્રેષ્ઠ ભારત એક ભારત બનાવતા દેશવ્યાપી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે અને લાખો દોડમાં જોડાયા છે એમ જણાવી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જેવો સરદાર સાહેબમાં દેશની પ્રજાએ ભૂતકાળમાં વિશ્વાસ મુક્યો હતો. તેવો જ વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં મુક્યો છે. તેઓ સરદાર સાહેબ જેવું જ વ્યક્તિત્વ ધરાવે છે અને સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવાની દિશામાં તેમણે મક્કમતાપૂર્વક આગળ વધવાની નેમ લીધી છે. કેવડીયા ખાતે સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાની નિર્માણ વ્યવસ્થા મુજબ સરદાર સાહેબની આંખોથી નર્મદા બંધનો નજારો તેમજ જગતને નિહાળવાનો દુર્લભ આનંદ મળશે તેમજ દુનિયાભરના લોકો અહીં આવી એક અદભૂત આનંદની અનુભૂતિ કરશે.

# અમદાવાદ શહેરમાં રન ફોર યુનિટીમાં શહેરીજનો જોડાયા

### મુખ્યમંત્રીએ લીલીઝંડી આપી દોડને પ્રસ્થાન કરાવ્યું : વહેલી સવારે હજારો શહેરીજનો જોડાયા : એકતા દિવસ અંતર્ગત આયોજિત દોડનું આયોજન રાજ્યભરમાં કરાયું

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. છેલ્લા કેટલાક દિવસથી રન ફોર યુનિટીને લઈને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તૈયારી કરવામાં આવી હતી. અમદાવાદમાં જ નહીં બલ્કે ગાંધીનગર અને રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ એકતાના સંદેશ સાથે યુવાનો અને મોટી વયના લોકો પણ જોડાયા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે ગત વર્ષે તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૩૧મી ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસના રૂપે મનાવવાની જાહેરાત કરાઈ હતી. તેમજ રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજરોજ યોજાયેલી રન ફોર યુનિટીમાં વહેલી સવારે હજારો શહેરીજનો જોડાયા હતા. એકતા દિવસની ઉજવણી અંતર્ગત યોજાયેલી આ દોડમાં અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યભરમાં વહેલી સવારથી લોકો એકતાના સંદેશ સાથે દોડ્યા હતા.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત રન ફોર યુનિટીને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ લીલી ઝંડી આપી હતી. વલ્લભસદનથી સવારે ૫ વાગ્યે શરૂ થયેલી રન ફોર યુનિટી ડિલાઈટ ચાર રસ્તાથી, બુટાસિંગ ચાર રસ્તા, ઈન્કમટેક્ષ ચાર રસ્તા, અંજતા કોમર્શિયલ સેન્ટર, ઉસ્માનપુરા રિવરફ્રન્ટ ફરીને પરત વલ્લભસદન રિવરફ્રન્ટ પર ફરી હતી. આજની આ દોડમાં શહેરભરમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા પરંતુ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે યોજાયેલી રન ફોર યુનિટીમાં ઓછા લોકો જોડાયા હતા. રન ફોર યુનિટીમાં આંગણવાડીની મહિલાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ અનેક શાળાના બાળકો જોડાયા હતા. ગાંધીનગરમાં યોજાયેલી રન ફોર યુનિટીમાં ૨૦૦૦થી વધુ કર્મચારીઓ તથા નાગરીકોએ ભાગ લીધો હતો. સવારે ૯ વાગ્યે મહાત્મા મંદિરથી નિકળેલી દોડ રેલી વાયા ઘ-૪ થઈને સેક્ટર ૧૧ એલઆઈસી પહોંચી હતી. તંત્ર દ્વારા દોડમાં ૫૦૦૦ લોકો જોડાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



ભાવનગર સ્થિત સ્વ. વિનોદરાય જોષીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે પરમ પૂજ્ય રમેશભાઈ ઓઝાના શિષ્ય સાંદિપની વિદ્યા નિકેતનના ઋષિકુમાર ભાવેશભાઈ મહેતાના શ્રી મુખે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કોકિલાબા જોષી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

## શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ સરદાર પટેલ અને ઈન્દિરા ગાંધીને અંજલિ આપી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલની ૧૪૦મી જન્મજયંતિની અને શ્રીમતી ઈન્દિરા ગાંધીની ૩૦મી પૂણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં આજે સરદાર પટેલ ની ૧૪૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સેકટર-૨૨ કાર્યાલય ખાતે લોખંડી પુરુષ સરદાર પટેલને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની ૩૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ધુળાજી ઠાકોર, ધારાસભ્ય કામિનીબેન રાઠોડ, બાબુજી ઝાલા, નિશિત વ્યાસ, ચીમન વિઝુંડા, પ્રવિણ પટેલ, રાજેન્દ્રસિંહ ચાવડા સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ફિયાટ એવેન્ચ્યુરા સૌપ્રથમ કન્ટેમ્પરરી અર્બન વ્હિકલ (સીયુવી) તરીકે ધમાકેદાર પ્રવેશ કરે છે

ફિયાટ ગ્રુપ ઓટોમોબાઈલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ એ વૈશ્વિક બજાર માટે તેની એવેન્ચ્યુરા-કન્ટેમ્પરરી અર્બન વ્હિકલ (સીયુવી) લોન્ચ કરી છે. તેના નાના કદ સાથે એવેન્ચ્યુરાની વિશિષ્ટ ડિઝાઈન અને સિગ્નેચર લૂકનું અજોડ મિશ્રણ શહેરની અંદર અને બહાર ડ્રાઈવિંગને આનંદપ્રદ બનાવે છે. આઈકોનિક ઈટાલિયન સ્ટાઈલથી ડિઝાઈન કરાયેલ આ કાર આધુનિક ફિચર્સથી સજ્જ છે.

## બીન ઉપયોગી સ્ટીલ/વુડન ફર્નીચરની જાહેર હરાજી અંગે

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ૪/૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરનું બીન ઉપયોગી સ્ટીલ / વુડન ફર્નીચરનું ટેન્ડર દ્વારા જાહેર હરાજીથી વેચાણ કરવાનું હોવાથી તા. ૩/૧૧/૨૦૧૪ થી તા. ૧૨/૧૧/૨૦૧૪ સુધીમાં ઓફીસ સમય દરમિયાન રજીસ્ટ્રી શાખામાંથી ટેન્ડર ફોર્મ મેળવી નિયમોનુસાર વિભાગને પરત મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ક્રમાંક : પરચ/૧૦-૨૦૧૨-૧-રજીસ્ટ્રી**
**તા. ૩૦/૧૦/૨૦૧૪**
**માહિતી/૧૫૩૦/૨૦૧૪-૧૫**

**સહી/-**
**રાજેન્દ્રસિંહ સોલંકી**
**નાયબ સચિવ**

## કેન્દ્ર સરકાર પાસેથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સમય સુધીમાં મળવાપાત્ર રકમ કરતાં ઘણી ઓછી છે. આ બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને જે વિભાગોમાં કેન્દ્ર સરકાર તરફથી આવી રકમ મળવાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઓછુ છે તેવા વિભાગોનો ઉલ્લેખ કરીને આવા વિભાગોને કેન્દ્ર સરકારમાંથી વધુ રકમ મેળવવા માટેના પ્રયાસો હાથ ધરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારમાંથી વધુ નાણા મેળવી શકાય તે માટે વિભાગોની સમીક્ષા બેઠકો યોજવામાં આવે અને આ બેઠકમાં વિભાગોના નાણા સલાહકારોને ઉપસ્થિત રાખવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઘણીવાર કેટલાક વિભાગો દ્વારા ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સમયસર મોકલવામાં આવતા નહી હોવાને કારણે કેન્દ્ર સરકારમાંથી સમયસર પુરતી ગ્રાન્ટ મેળવી શકાતી નથી અને તેના કારણે રાજ્ય સરકાર પર આર્થિક ભારણ આવે છે.


## ધરખમ ઘટાડો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઝારખંડ અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા જ ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

આવી જ રીતે વડોદરામાં ડિઝલની કિંમત આજે ઘટીને ૫૮.૮૫ થઈ ગઈ હતી. નવા ભાવ તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યા છે. બે સપ્તાહ પહેલા જ ડિઝલની કિંમત અંકુશમુક્ત કરવામાં આવી હતી. હવે લોકોને વધુ રાહત થઈ છે. ડિઝલની કિંમતમાં વધુ ઘટાડો થતાં અન્ય ચીજવસ્તુઓના ભાવમાં પણ ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ મહિના બાદ પેટ્રોલની કિંમતમાં સતત છઠ્ઠી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે સબસિડી ખતમ કરવામાઆવ્યા બાદ ડિઝલની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો કરવામાં આવ્યો છે. કેબિનેટે ૧૮મી ઓક્ટોબરના દિવસે સાહસી નિર્ણય કરીને સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડિઝલની માર્કેટ કિંમત વસુલ કરવાની મંજુરી આપી હતી. સાથે સાથે તેમાં પ્રતિલીટર ૩.૩૭ સુધીનો ઘટાડો કર્યો હતો. પેટ્રોલની કિંમતને ગયા વર્ષે યુપીએ સરકારે જૂન મહિનામાં અંકુશમુક્ત બનાવી હતી. આ વખતે ઘટાડો કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમત ૧૯ મહિનામાં સૌથી ઓછી સપાટીએ પહોંચી છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડની કિંમતમાં ઘટાડો થયો છે. આ વર્ષે જૂનમાં તેની કિંમત ૧૧૫ ડોલર હતી. બુધવારના દિવસે બ્રેન્ટની કિંમત ૮૭ ડોલર પ્રતિ બેરલ હતી. સૂત્રોનું કહેવું છે કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડા ઉપર આચારસંહિતા લાગૂ પડશે નહીં કારણ કે, બંનેને અંકુશમુક્ત કરવામાં આવી ચુક્યા છે. ૨૫મી નવેમ્બરથી શરૂ થઈ રહેલી ચૂંટણી પ્રક્રિયા પહેલા પેટ્રોલિયમ પેદાશોની કિંમતો ન વધે તે જરૂરી છે.

## શબ્દાવલી - ૫૫૪૬



### આડી ચાવી

૧. મજબુરી, લાચારી (૪)
૪. પરિણામ, ફળ (૩)
૭. જોગી સ્ત્રીને... કહેવાય(૩)
૮. અડધો મણ (૪)
૯. મમતા, મોહ (૩)
૧૦. અંજલિ, પ્રસાદનું પાણી ગ્રહણ કરવું તે (૪)
૧૨. ખોરાક, અન્ન ખાવું તે (૨)
૧૩. કરામત, અલૌકિક ક્રિયા(૪)
૧૫. વેતન લીધા વગર કામ કરનાર (૩)
૧૭. કપટી, દગાબાજ (૩)
૧૮. નહી, ના, નકાર (૨)
૨૦. નવું, તાજું (૨)
૨૧. વિવાદ, ચડસાચડસી (૨)

### ઊભી ચાવી

૧. વિયોગ, જુદાઇ (૩)
૨. લાગવગ, ઓળખાણ (૨)
૩. ભીંડીની જાતનો એક છોડ કે તેના રેસા (૨)
૪. આંધળાપણું (૩)
૫. દારૂ ભરેલ ગ્લાસ (૨)
૬. મોતી (૩)
૮. મોજમજા (૬)
૯. ખાવાની વસ્તુ (૨)
૧૦. આસનીયું (૩)
૧૧. સ્વાગત (૩)
૧૨. પ્રામાણિક (૪)
૧૬. ભક્તિભાવથી નમવાની ક્રિયા ભગવાનના.... (૩)
૧૯. પોઝીશન, મોભો (૨)

### શબ્દાવલી ૫૫૪૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમાચાર (૪) પ્રચાર (૬) તર્ક (૭) ગડી (૯) અડકોદડકો (૧૧) અડદ (૧૨) તોપ (૧૩) મળદગ (૧૪) ભડ (૧૫) તવી (૧૬) ડગર (૧૯) તલ (૨૧) જમા (૨૨) આરોપ (૨૩) બરકત

**ઊભી ચાવી :-** (૧) સતર્ક (૨) માર્ક (૩) રગડદગડ (૫) ચામડતોડ (૮) ડીકો (૯) અડદ (૧૦) કોપ (૧૧) અળવીતરો (૧૩) મત (૧૪) ભરમાર (૧૭) ગજબ (૧૮) પર્વત (૨૦) લપ

## આપણી વિરાસત (પાના નં. ૪ નું

તો મારા સ્વ. પિતાનું સપનું હતું કે હું પ્રાથમિક શિક્ષક બનું. પણ આર્થિક સ્થિતિ ખૂબ ખરાબ છતાં મેં પ્રાથમિક શિક્ષક બનવાની ઈચ્છા કાલિદાસમામાને વ્યક્ત કરી. તેઓ એ સમયે (શિક્ષણ નિયામક) નો ભલામણ કરાવીને સ્પેશિયલ કેસ તરીકે મને કડિયાદરા પીટીસી કોલેજમાં પ્રવેશ અપાવ્યો હતો તે કેમ ભૂલાય...!

અરે... સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિમાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયો. ત્યારે ઈડર તાલુકા વિકાસ અધિકારી પાસે આવીને મારા જામીન થયા હતા કાલિદાસમામા... તે હું કેમ વિસરી શકું! હું જે પણ છું તે કાલિદાસમામા થકી છું એની નોંધ લીધા સિવાય ચાલે નહિં..!

નાની ઓરડીમાં બેસીને મને દાતાઓ પાસે ભણતર માટે દાન મેળવવા કાલિદાસમામા મારા હસ્તાક્ષરમાં પતો લખાવતાં તે મને દાતા પાસેથી અમારા ભણતર માટેનું દાન મળતું રહ્યું હતું... તે કેમ ભૂલી શકું?

હું જયારથી લખતો થયો ત્યારથી મને પુરસ્કૃત કરતાં પત્રો પાઠવ્યા છે તો કલાકાર તરીકે આગવી ઓળખ બનાવતો રહ્યો તેમાં મને હરહંમેશ પ્રેરણા, પ્રોત્સાહન, અને માર્ગદર્શન આપતા રહ્યા છે. શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે પણ મને એક પાત્રી અભિયન કરવાની તક આપી છે. હાઈસ્કૂલમાં કોઈ પણ શુભપ્રસંગ હોય ત્યારે મને મારી અભિવૃદ્ધિ કરવામાં સાથ આપ્યો છે મને બિરદાવ્યો છે, મારી પીઠ થાબડી છે ને મારા પ્રગટ થતાં પુસ્તકોમાં શુભેચ્છાઓ પાઠવી મને હરપળે પુરસ્કૃત કરતા રહ્યા છે કાલિદાસમામા. મારા પ્રેરણાસ્રોત કાલિદાસમામાને મારા પુસ્તકો અર્પણ કર્યા છે. મારી ગરીબીમાંથી મને સાચાં માણસ, સારા માણસ, સનિષ્ઠ શિક્ષક બનાવવામાં હરેક પળે સાથ, હૂંફ મળ્યા છે ત્યારે મારા જીવનના મસિહા કાલિદાસ મામા... મારા મામા કરતાં સવાયા મામાનું પદ પાક્યા છે તેમનું આ શબ્દચિત્ર આપી એમના ઋણને વંદન કરી વિરમુ.

અસ્તુ


## મતદારયાદીની સુધારણા-૨૦૧૫

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૫ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**આપે આપનું નામ મતદારયાદીમાં ચકાસી લીધું છે ?**

**જો ના, તો મતદારયાદીનો મુસદ્દો તા. ૧૫-૧૦-૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે જે તા.૧૦-૧૧-૨૦૧૪ સુધી નીચે જણાવેલ સ્થળોએ રાખેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

▸▸ મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો. આપ આપના નજીકના e-gram સેન્ટર ઉપર જઈને પણ વિગતો ચકાસી શકશો અને ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : ૧૦-૧૧-૨૦૧૪**

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો**

**અથવા આપના જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે નીચે જણાવેલ ફોન નંબર ઉપરની હેલ્પલાઈન ઉપર સવારના ૧૦-૩૦ થી સાંજે ૬-૦૦ દરમિયાન ફોન કરીને મેળવી શકશો. આ હેલ્પલાઈન તા. ૧૦-૧૧-૨૦૧૪ સુધી કાર્યરત છે.**

| જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૦૨૮૩૨-૨૫૧૬૯૩ | જામનગર | ૦૨૮૮-૨૬૬૦૧૩૨ | પંચમહાલ | ૦૨૬૭૨-૨૪૧૨૮૮ |
| બનાસકાંઠા | ૦૨૭૪૨-૨૬૦૯૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦૨૮૩૩-૨૩૩૦૦૩ | દાહોદ | ૦૨૬૭૩-૨૩૯૨૩૧ |
| પાટણ | ૦૨૭૬૬-૨૨૬૭૬૭ | પોરબંદર | ૦૨૮૬-૨૨૨૦૧૦૦ | વડોદરા | ૦૨૬૫-૨૪૨૦૦૦૦ |
| મહેસાણા | ૦૨૭૬૨-૨૨૦૪૨૩ | જૂનાગઢ | ૦૨૮૫-૨૬૩૩૨૫૯ | છોટા ઉદેપુર | ૦૨૬૬૯-૨૩૩૦૧૬ |
| સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૩૭૦૦ | ગીર સોમનાથ | ૦૨૮૭૬-૨૪૦૦૬૩ | નર્મદા | ૦૨૬૪૦-૨૨૦૬૩૪ |
| અરવલ્લી | ૦૨૭૭૪-૨૪૭૮૨૦ | અમરેલી | ૦૨૭૯૨-૨૩૪૦૦૦ | ભરૂચ | ૦૨૬૪૨-૨૬૦૧૮૨ |
| ગાંધીનગર | ૦૭૯-૨૩૨૫૧૨૪૩ | ભાવનગર | ૦૨૭૮-૨૫૧૨૧૧૧ | સુરત | ૦૨૬૧-૨૬૬૫૧૨૩ |
| અમદાવાદ | ૦૭૯-૨૭૫૫૯૦૦૦ | બોટાદ | ૦૨૮૪૯-૨૩૧૩૧૬ | તાપી | ૦૨૬૨૬-૨૨૧૧૮૫ |
| સુરેન્દ્રનગર | ૦૨૭૫૨-૨૮૪૩૩૩ | આણંદ | ૦૨૬૯૨-૨૬૦૧૨૩ | ડાંગ | ૦૨૬૩૧-૨૨૦૨૭૨ |
| મોરબી | ૦૨૮૨૨-૨૪૨૨૦૧ | ખેડા | ૦૨૬૮-૨૫૩૧૦૩૨ | નવસારી | ૦૨૬૩૭-૨૫૧૬૭૭ |
| રાજકોટ | ૦૨૮૧-૨૪૫૦૭૨૫ | મહીસાગર | ૦૨૬૭૪-૨૫૨૧૬૫ | વલસાડ | ૦૨૬૩૨-૨૪૪૩૭૬ |

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

**માહિતી/૧૫૦૧/૨૦૧૪-૧૫** — **મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય**